સ.શિ.પ. / જુલાઈ ૯૯ /૨૫૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **રવિવાર, ૧૮ જુલાઈ, ૧૯૯૯** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચે આપેલા સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** ૧૮

૧. 'આ વાર્તા છે તે જીવનદોરી રૂપ છે.' આનો ભાવાર્થ સમજાવો.

૨. પાણીની સેરનું દૃષ્ટાંત.

૩. 'આજ્ઞા ભેળી મૂર્તિ.'

૪. પાકા સત્સંગીનાં ત્રણ લક્ષણો.

૫. બળ પામવાનો ઉપાય.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. 'આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા ....... સમજાતી નથી.'

૨. 'તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને ........ છેટે રહેતા નથી.'

૩. 'એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ.... મોટી પદવી નથી.'

૪. 'માટે જેટલા ત્યાગી છે તેને તો ....... સુખ ન થાય.'

૫. 'માટે વૈરાગ્યનું બળ હોય ........... તેને જ અતિ દૃઢ કરીને રાખવા.'

**(ક) નીચેનામાંથી કોઈ પણ એક વિષય ઉપર અભ્યાક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

(૧) ભગવાનની પ્રસન્નતાનો ઉપાય. (૨) ધ્યાન

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો.** ૬

૧. મનુષ્યભાવ શેને કરીને આવે છે ?

૨. શો ઉપાય કરે તો મોટાના ગુણ મુમુક્ષુમાં આવે ?

૩. કારણ દેહ જીતાયો ક્યારે કહેવાય ?

૪. વર્તમાન કાળે ભગવાનનો રાજીપો શેમાં છે.



૫. જેને મોટાની સમજણ આવી તેને શું થાય ?

૬. ભગવાન કોના ઉપર રાજી રાજી ને રાજી જ છે ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** ૭

૧. વાતરૂપી સાંગડીએ કરીને દાર દઈએ છીએ ને ભગવાનના .......... રૂપી દારૂ ભરીએ છીએ. (જ્ઞાન, નિશ્ચય, મહિમા)

૨. તેમ ................ નાં દર્શને સમાધિ જેવું વર્ત્યા કરે તેવાના દુકાળ છે. (કૃપાનંદ, મુક્તાનંદ, ગુણાતીતાનંદ, નિરંજનાનંદ)

૩. એકાંતિકના જન્મ છે તે અનંત જીવોને ............... કરવા સારુ છે. (બ્રહ્મરૂપ, સત્સંગી, નિર્દોષ)

૪. જન્મોત્રીમાં ગુણાતીતાનંદ સ્વામીની આવરદા ..................... વર્ષની લખેલી છે. (૬૦, ૮૨, ૫૮)

૫. જ્ઞાન થયા વિના ............... ટળે નહિ. (આવરણ, મોહ, અજ્ઞાન)

૬. મહારાજ ! તમારા ............. સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાવ છો. (સ્વરૂપ, મુખારવિંદ, ચરણાવિંદ)

૭. આમ ને આમ સંપ રાખશો તો ........................ તે પણ પરાભવ નહિ કરે. (કુસંગ, કુસંપ, અંતઃશત્રુ)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈ પણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. પંચવિષયની તુચ્છતા. ૨. શાંતિનો ઉપાય.

૩. સરળ દૃષ્ટાંત દ્વારા સિદ્ધાંત સમજાવવાની સ્વામીની કુશળતા.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. નીલકંઠ વર્ણીનું વ્યક્તિત્વ દર્શન. ૨. શ્રીહરિનાં દિવ્ય બાળચરિત્રો.

૩. સમાધિ પ્રકરણ દ્વારા શ્રીહરિની વિશેષતા.

**(બ) નીચેનામાંથી કોઈ પણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો** ૨૦

૧. શ્રીહરિએ કરેલો અસુરોનો પરાભવ.

૨. સુવાસિની ભાભી અને ઘનશ્યામ.

૩. મગનીરામનું પરિવર્તન.

૪. રામાનંદ સ્વામી અને નીલકંઠ વર્ણીનો પરસ્પર સંબંધ.